# રાજકોટ રાજપથ લી.

(કંપનીઝ એક્ટ હેઠળ સંસ્થાપિત રાજકોટ મહાનગરપાલિકા ની સંપુર્ણ આનુષંગિક કંપની)
Corporate Identificaiton Nubmer : U93000GJ2012PLC072203
૩જો માળ, મલ્ટી એક્ટીવીટી સેન્ટર, નાનામવા ચોક, ૧૫૦' રીંગ રોડ,
Connecting people with buses...

મારું રાજકોટ સ્વચ્છ રાજકોટ
સ્વચ્છ સર્વેક્ષણ લીગ ૨૦૨૦

જા.નં./આર.આર.એલ./ તા. / /

**<u>અખબાર યાદી :</u>**

રાજકોટ શહેરના લોકોને શહેરી પરિવહન સેવા પુરી પાડવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સીટી બસ સેવા તથા બી.આર.ટી.એસ. બસ સેવા ઉપલબ્ધ કરવવામાં આવેલ છે. જેનું સંચાલન રાજકોટ રાજપથ લી. ( SPV ) દ્વારા કરવામાં આવી રહેલ છે. જે સબબ ૬૦ મીડી તથા ૩૦ સ્ટાન્ડર્ડ બસ મળી કુલ ૯૦ બસ દ્વારા સીટી બસ સેવા તથા ૧૦ એ.સી. બસ દ્વારા બી.આર.ટી.એસ. બસ સેવા પુરી પાડવામાં આવી રહેલ છે. બન્ને બસ સેવાનો દૈનિક ૬૦,૦૦૦ થી વધુ શહેરીજનો દ્વારા લાભ ઉઠાવવામાં આવી રહેલ છે.

તા. ૧૫/૦૮/૨૦૧૯ ,ગુરૂવાર ના રોજ "<u>રક્ષા બંધન</u>" ના તહેવાર નિમિતે આ બન્ને બસ સેવાનો વધુ ને વધુ લોકો લાભ લે તેવા હેતુથી માત્ર મહિલાઓ/સ્ત્રીઓ માટે આ તહેવાર નિમિતે "<u>ફ્રિ બસ સેવા</u>" પુરી પાડવા નકકી કરવામાં આવેલ છે. રક્ષા બંધનના તહેવાર તા. ૧૫/૦૮/૨૦૧૯ ,ગુરૂવાર ના રોજ દિવસ દરમ્યાન કોઈપણ રૂટ પર ગમે તેટલી વખત ફકત મહિલા/સ્ત્રી મુસાફરો નિઃશુલ્ક મુસાફરી કરી શકશે. જયારે ભાઈઓ/પુરુષ મુસાફરો એ નિયત દરની ટીકીટ લેવાની રહેશે જે બાબતે આજરોજ રાજકોટ મહાનગરપાલીકાના માન. મેયરશ્રી તથા માન. કમિશ્નરશ્રી તરફથી જાહેરાત કરવામાં આવેલ છે. તેમજ બહોળી સંખ્યામાં મહિલા/ સ્ત્રી મુસાફરો દ્વારા આ નિઃશુલ્ક મુસાફરીનો લાભ લેવા આહવાન કરવામાં આવેલ છે.

પ્રતિ,
તંત્રીશ્રી

ઉપરોકત અખબાર યાદી આપના દૈનિક વર્તમાનપત્રમાં લોકહિતાર્થે વિનામુલ્યે પ્રસિધ્ધ કરવા વિનંતી.

આસી. મેનેજર
રાજકોટ રાજપથ લી.

નકલ રવાના :

-જનરલ મેનેજરશ્રી રાજકોટ રાજપથ લી.